ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં કાતિલ ઠંડી યથાવત

## લઘુત્તમ તાપમાન ૯ ડિ.સે. : ઠંડા પવનોના કારણે થર થર ધ્રુજતા શહેરીજનો : ઠંડી ઘટવાની આગાહી

ગાંધીનગર, તા. ૧૯

ઠંડીનો કહેર બરકરાર રહ્યો છે. છેલ્લા એક અઠવાડીયાથી ચાલી રહેલુ ઠંડીનુ મોજુ ચાલુ રહેતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ રહ્યાં છે. ઠંડી ઉડાડવાના વિવિધ નુસ્ખા સૌ કોઈ અપનાવી રહ્યા છે.

ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં છેલ્લા એક અઠવાડિયાથી ભારે હીમવર્ષા થઈ રહી છે. વળી પવનની દિશા ઉત્તર પૂર્વ દિશા તરફની હોવાથી હિમાલયના ગિરીશિખરો પરથી ઠંડા પવનો છેક અડધા ભારત સુધી ફુંકાઈ રહ્યા છે. જેના પરિણામે ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને છેક મધ્યપ્રદેશ સુધીના અનેક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે પહોંચી ગયુ છે. આકરી ઠંડીના કારણે ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ખુબ નીચુ ઉતરી ગયુ છે. ઉત્તર ગુજરાતના વિસ્તારો પણ આકરી ઠંડીની અસર હેઠળ આવી ગયા છે. ઉત્તર ગુજરાતના ડીસા અને ગાંધીનગરમાં સૌથી વધુ ઠંડી અનુભવાઈ રહી છે. આકરી ઠંડીએ માઝા મુકી છે. સતત એક અઠવાડિયાથી ઠંડીનુ તીવ્ર મોજુ ચાલુ રહેતા જનજીવન પર તેની વિપરીત અસર જોવા મળી રહી છે.



શહેરીજનો મોટા ભાગે આખો દિવસ ઘરમાંજ પુરાઈ રહે છે. સુસવાટા મારતા ઠંડા પવનોના પરિણામે ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બની રહ્યુ છે. વહેલી સવારે શાળાએ જતાં બાળકો બે-બે ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળે છે. ઠંડીના કહેરના કારણે માર્ગો એકદમ સુમસામ ભાસે છે. સેક્ટરોના અંતરિયાળ વિસ્તારો તો સાંજ પડતાં જ વસાહતીઓની અવરજવર વિનાના બની રહે છે. સેક્ટરોની દુકાનો વહેલી બંધ થઈ જાય છે. સેક્ટરોમાં રાત્રે આઠ વાગ્યા પછી તો સાવ સુનકારો હોય છે. જાહેર સ્થળો અને હરવા ફરવાના સ્થળોએ પણ ઠંડીની અસર જોવા મળી રહી છે.

ઉનાળામાં વસાહતીઓથી ઉભરાતા બાગ-બગીચાઓ સાંજ પડતા જ જાણે સાવ નિર્જન બની જાય છે. છેલ્લા સાત-આઠ દિવસથી આ જ પરિસ્થિતિ જોવા મળી રહી છે. જો કે આગામી દિવસોમાં ઠંડીમાં થોડીક રાહત મળે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. પવનની દિશા બદલાઈ છે જેના પરિણામે ઠંડી ઓછી થઈ જશે. આજે લઘુત્તમ તાપમાન ૯ ડિ.સે. અને મહત્તમ ૨૫.૬ ડિગ્રી નોંધાયુ હતુ.

# "વ્હાલી દિકરી" યોજના ફાઈલોમાં અટવાઈ ૧૭ જિલ્લામાં એક પણ લાભાર્થી નહિ

## રાજ્યમાં માત્ર ૩૭૬ બાળકીઓ જ લાભાર્થી બની છે યોજનામાં ૩૧-૧૨-૧૯ સુધીમાં ૧૫૫૦ અરજીઓ મળી

**(ખાસ પ્રતિનિધિ દ્વારા)** ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકારની અતિ મહત્વાકાંક્ષી યોજના વ્હાલી દિકરીમાં અરજીઓ મંજૂર કરવામાં તેમજ યોજનાને લોકપ્રિય બનાવવામાં તંત્રની ઉદાસીનતા જોઈ રાજ્ય સરકાર ચોંકી ઉઠી છે.

તેણે આ માટે જિલ્લાતંત્રોને ખાસ તાકીદ કરી છે કે આ કામગીરીમાં ગતિ આવે તે જરૂરી છે. સરકારે એક તબક્કે એવો નિર્ણય કર્યો હતો કે નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે જે ૨૪મી જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે ત્યાં સુધી આ યોજના અંતર્ગત એક લાખ દિકરીને આવરી લેવામાં આવે. પરંતુ તાજેતરમાં કરાયેલા સમીક્ષા દરમ્યાન સરકારને માત્ર ૧૫૫૦ અરજીઓ જ મળી છે.

મળેલ આ અરજીઓમાંથી માત્ર ૩૬૭ અરજીઓ જ મંજૂર કરવામાં આવી છે. જ્યારે ૧૧૭૪ અરજીઓ જુદા જુદા તબક્કે અટવાયેલી છે.

સરકારે આ દિશામાં ઝીણવટભરી તપાસ કરી તો ૧ ઓગષ્ટ ૨૦૧૯ બાદ રાજ્યમાં ૧,૬૭,૮૮૭ દિકરીએ જન્મ લીધો છે પરંતુ યોજનાનો પ્રચાર-પ્રસાર જે થવો જોઈએ તેમાં તંત્ર ઉણુ ઉતર્યુ છે.

સરકારે કરેલી સમીક્ષામાં એવી પણ ચોંકાવનારી હકીકત બહાર આવી હતી કે સુરત, અમદાવાદ, અમરેલી, કચ્છ, ખેડા, ગીર-સોમનાથ, જૂનાગઢ, જામનગર, ડાંગ, દેવભૂમિ દ્વારકા, નર્મદા, પાટણ, પોરબંદર, બનાસકાંઠા, ભરૂચ, વડોદરા અને વલસાડ ખાતે એમ કુલ ૧૭ જિલ્લામાં એક પણ દિકરીને આ યોજના અંતર્ગત લાભ આપવામાં આવ્યો નથી.

### વ્હાલી દિકરી માટે જિલ્લામાં ૩૭ અરજી

વ્હાલી દિકરી યોજનામાં ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૧૯ની સ્થિતિએ ૨૧ અરજી મંજૂર કરવામાં આવી છે જ્યારે આજ સ્થિતિએ ૧૫ અરજીઓ તંત્ર પાસે પેન્ડીંગ છે. જિલ્લામાં ૧ ઓગષ્ટ ૨૦૧૯ બાદ ૪૪૪૭ બાળકીઓના જન્મ નોંધાયા છે પણ માત્ર ૩૭ અરજદારોએ જ આ માટે અરજી કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ખંડણીખોર વિશાલ ગોસ્વામીની ધરપકડ

અમદાવાદ,તા.૧૯

કુખ્યાત ખંડણીખોર વિશાલ ગોસ્વામીનો કબ્જો અમદાવાદ ક્રાઈમબ્રાન્ચની ટીમે લીધો છે. જેના માટે ક્રાઈમ બ્રાંચ સેન્ટ્રલ જેલ પહોંચી હતી. ગેંગસ્ટર વિશાલ ગોસ્વામી સાબરમતી જેલમાંથી મોબાઈલ મારફતે વેપારીઓને ધમકાવી ખંડણી માંગતો હોવાનો ક્રાઈમ બ્રાન્ચે ખુલાસો કર્યો હતો. જે બાદ જેલતંત્ર સફળુ જાગ્યુ હતુ. જેલમાં મોબાઈલ પર પ્રતિબંધ છતાં તેના ઉપયોગને પગલે સુરક્ષાના સવાલો પેદા થયા હતા.

બનાવની ગંભીરતાને લઈને જેલ ઓથોરિટી દ્વારા જેલર એચ.આર.વાઘેલાને સસ્પેન્ડ કરવાનો આદેશ અપાયો હતો.

# ઠંડીના માહોલ વચ્ચે પ્રમાણમાં પલ્સ પોલિયો અભિયાનને નબળો પ્રતિસાદ

## ગ્રામીણ વિસ્તારમાં ૮૫ ટકાની આસપાસ તો શહેરી વિસ્તારમાં ૭૫ ટકાની આસપાસ કવરેજ થયુ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનમાં આજે ખુબ જ ઠંડી હોવાને કારણે પ્રમાણમાં નબળો પ્રતિસાદ સાંપડ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં તે લગભગ ૮૫ ટકાની આસપાસ રહ્યો છે જ્યારે શહેરી વિસ્તારમાં તે લગભગ ૭૫ ટકાની આસપાસ રહેવા પામ્યો છે.

જિલ્લામાં સવા બે લાખથી વધુ બાળકોને આ અભિયાનમાં આવરી લેવાનો લક્ષ્યાંક હતો. સવારના સમયે ઠંડીનું પ્રમાણ વધારે હોવાથી નાના ભૂલકાંઓને લઈ બહાર નીકળવાનું વાલીઓએ ટાળ્યુ હતુ. જો કે શહેરી વિસ્તારમાં અભિયાન માટે નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓની વોલિયન્ટર્સ તરીકે સેવાઓ પણ લેવામાં આવી હતી.

લગ્નસરાની મોસમને કારણે પણ નાના ભૂલકાંઓને આ રસી પિવડાવવાથી લોકો દૂર રહ્યા હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના હાઈરિસ્ક વિસ્તારોમાં તંત્રની ટીમોએ આજે ભારે જહેમત ઉઠાવી હતી અને કન્સ્ટ્રક્શન સાઈટો પર લગભગ ૮૦ ટકા જેટલુ કવરેજ કરવામાં સફળ રહ્યા હતા.

હજુ સોમવાર અને મંગળવારના રોજ છુટી ગયેલા બાળકોને હાઉસ ટુ હાઉસ ફરી અને ૧૦૦ ટકા રસીકરણનો લક્ષ્યાંક સિદ્ધ કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ૯૩૦થી પણ વધુ બુથ બનાવવામાં આવ્યા હતા. આ વખતે ગ્રામ્ય વિસ્તારમાં બુથોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો હતો.

તંત્ર દ્વારા જિલ્લાના ચારેય તાલુકામાં મોનીટરીંગ માટે ખાસ લાયઝન ઓફિસરો પણ નિયુક્ત કરવામાં આવ્યા હતા. જો કે કોઈ જ જગ્યાએ રસીકરણથી કોઈ અનિચ્છનીય ઘટના સામે આવી નથી. વહેલી સવારથી જ તંત્રની ટીમો બુથ પર કામ માટે લાગી ગઈ હતી.

બપોર પછી અર્થાત્ ૧૨ થી ૪ ના ગાળામાં આ રસીકરણ અભિયાનમાં સારો એવો વેગ જોવા મળ્યો હતો અને તડકો પણ સારો નીકળતાં લોકોમાં ઉત્સાહ અભિયાનને લઈ જોવા મળ્યો હતો.



પલ્સ પોલીયો અભિયાન - પોલીયો મુક્ત ભારતના સંકલ્પ સાથે રાજ્ય, કેન્દ્ર સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સતત અભિયાન ચાલે છે... રવિવારે રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ ગાંધીનગર ખાતેથી પોલીયોના ટીપાં પીવડાવી રાજ્યવ્યાપી અભિયાનનો આરંભ કર્યો હતો... રાજ્યભરમાં ૮૦ લાખથી વધુ બાળકોને પોલીયોના ટીપાં પીવડાવવાનું આયોજન આરોગ્ય વિભાગ દ્વારા કરાયું હતું... ગુજરાતમાં ૨૦૦૭ પછી પોલીયોનો એકપણ કેસ નોંધાયો નથી તે નોંધપાત્ર સિદ્ધિ ગણી શકાય....

# અમદાવાદ-રાજકોટ હાઈવે પર બે દુર્ઘટનામાં ૮ના મોત

અમદાવાદ, તા. ૧૯

અમદાવાદ- રાજકોટ હાઈવે જાણે રક્ત રંજીત બન્યો હતો. આજે વહેલી સવારે બે કલાકમાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં આઠ લોકોના મોત નીપજયા હતા, જેને લઈ ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને લોકોમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. આજે વહેલી સવારે ચાર વાગ્યે લીંબડીના દેવપરા ગામ નજીક કાર અને ટ્રક વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં અમદાવાદના પરિવારના પાંચ લોકોનાં કરૂણ મોત નીપજયા હતા. તો, સવારે ૬ વાગ્યે બગોદરાના

● અનુસંધાન પાન-૭ પર

# તંત્ર અને પોષ્ટ વચ્ચે સંકલનના અભાવે વિધવા સહાય અટવાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં વિધવા સહાય તેમજ વ્હાલી દિકરી જેવી મહત્વાકાંક્ષી યોજનાઓના અમલમાં તંત્રના ઉદાસીન વલણથી રાજ્યકક્ષાએ સખ્ત નારાજગી જોવા મળી રહી છે.

જિલ્લામાં વિધવા સહાયના કેસોમાં મંજૂર થયેલ સહાય પછી માત્ર ૬૦ ટકા જ લાભાર્થીને આ યોજનાનો લાભ મળતો જણાયો છે. આ ઉપરાંત આ યોજનામાં ૭૦ ટકાથી પણ ઓછા આધાર વેરીફીકેશનની કામગીરી ગાંધીનગર જિલ્લામાં નોંધાઈ છે.

તાજેતરમાં રાજ્યકક્ષાએ આ વિધવા સહાય અંગેની સમીક્ષા કરવામાં આવી હતી જેમાં કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવતા રાજ્ય સરકાર પણ ચોંકી ઉઠી છે.

મહિલા બાળ વિકાસ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો પ્રમાણે નવેમ્બર ૧૯માં કલેક્ટર કચેરીઓ પાસેથી મળેલ માહિતી મુજબ ૪,૧૧,૮૧૪ લાભાર્થીઓની અરજીયોને મંજૂરી આપવામાં આવી હતી જ્યારે પોષ્ટ વિભાગ દ્વારા નવેમ્બર માસ માટે ૨,૧૦,૪૬૫ લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવી અને આ તફાવત દર મહિને વધતો જાય છે.

એવુ પણ તારણ બહાર આવ્યુ હતુ કે ખાતુ ખોલાવ્યા બાદ પણ લાભાર્થીઓના નામ ટેકવીઝેશનમાં ઉમેરાતા નથી. જેથી લાભાર્થીઓની સહાય મંજૂર થયા બાદ પણ લાંબો સમય સહાયથી વંચિત રહે છે.

સરકારના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગંગા સ્વરૂપા આર્થિક યોજનાના નિયમોમાં તાજેતરમાં ફેરફાર થયેલ હોવાથી લાભાર્થીઓની સંખ્યામાં મોટો વધારો થયો છે.

તાલુકા કક્ષાએથી મંજૂર થયેલ લાભાર્થીઓની સહાય મેળવતા લાભાર્થીઓની સંખ્યા ઓછી છે. લાભાર્થીઓ મંજૂર થયા બાદ હેડ પોષ્ટ ઓફિસ દ્વારા તેઓના નામ રેક્વિઝશનમાં ઉમેરાતા નથી અને તેથી લાભાર્થીઓને સમયસર સહાય મળતી નથી.

# ટાઉનહોલના ભાડા દરે મેડિકલ કોલેજનો હોલ ભાડે આપવા સરકારને રજુઆત

## રીનોવેશનના પ્રોજેક્ટને અનુલક્ષી જોખમી ટાઉનહોલ ભાડે આપવાનુ બંધ કરાયુ : ગાંધીનગર કલ્ચરલ ફોરમે નગરની સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓની મુંઝવણ દુર કરવા સરકારને રજુઆત કરી

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરનો ટાઉનહોલ છેલ્લા ઘણાં સમયથી મરણ પથારીએ છે જયારે હવે આ ટાઉનહોલ જોખમી સ્થિતિમાં હોવાથી ભાડે આપવાની પ્રક્રીયા પણ બંધ કરી દેવામાં આવી છે. જેના લીધે નગરની અનેકવિધ સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓએ કાર્યક્રમ યોજવા માટે નવુ સરનામુ શોધવુ પડે તેવી સ્થિતિ છે. પરંતુ નગરમાં ટાઉનહોલની સમકક્ષ ભાડામાં કોઈ હોલ ઉપલબ્ધ નથી જયારે મહાત્મા મંદિર તેમજ સે-૧૨ સ્થિત મેડીકલ કોલેજના ઓડીટોરીયમના હોલનુ ભાડુ પણ કલા સંસ્થાઓને પોષાય તેમ નથી જેને અનુલક્ષી ગાંધીનગર કલ્ચરલ ફોરમે નગરની સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓના કાર્યક્રમ માટે યોગ્ય સ્ટેજ મળી રહે તે માટે નાયબ મુખ્યમંત્રીને રજુઆત કરી છે. કલ્ચરલ ફોરમના અધ્યક્ષે સે-૧૨ સ્થિત મેડિકલ કોલેજના હોલને શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજકોને પોષાય તેવા દરે ભાડે આપવા પણ સરકારને વિનંતી કરી છે. જો કે આ મામલે નાયબ મુખ્યમંત્રીએ પણ હકારાત્મક અભિગમ સાથે વિચારણા હાથ ધરી છે.



શહેરના એકમાત્ર ટાઉનહોલની ભયજનક દશાને ધ્યાને લઈ હવે હોલ ભાડેથી ફાળવવાની પ્રક્રીયા અટકાવી દેવામાં આવી છે.

છેલ્લા ઘણાં સમયથી ટાઉનહોલમાં બેઠક વ્યવસ્થા, સ્ટેજ, કર્ટેઈન, લાઈટીંગ અને એ.સી. પ્લાન્ટની સેવા પણ ખાડે ગઈ છે. મરણપથારીએ પડેલા ટાઉનહોલને યોગ્ય કરવા માટે છેલ્લા ચાર વર્ષથી વિચારણા હાથ ધરવામાં આવી છે. પરંતુ હજુ સુધી ટાઉનહોલના રીનોવેશનનુ કામ હાથ ધરાયુ નથી જયારે તંત્ર દ્વારા ટાઉનહોલની જોખમી સ્થિતિને ધ્યાનમાં રાખી તા ૨૦ જાન્યુઆરીથી ટાઉનહોલ ભાડે આપવાનુ બંધ કરી દેવાયુ છે.

બીજીતરફ નગરમાં કાર્યરત વિવિધ સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓ માટે કાર્યક્રમના આયોજનને અનુલક્ષીને મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. ટાઉનહોલનુ ભાડુ અંદાજિત રૂ ૬ હજાર છે. જયારે નગરમાં સ્થિત અન્ય મહાત્મા મંદિરના હોલ અને સે-૧૨ સ્થિત મેડીકલ કોલેજનો ઓડિટોરીયમનુ તગડુ ભાડુ સંસ્થાઓને કોઈ રીતે પોષાય તેવી સ્થિતિ નથી.

● અનુસંધાન પાન-૭ પર




SAD DEMISE

WITH PROFOUND SORROW WE INFORM THAT OUR BELOVED FATHER

SHRI P. P. BABY (RETD: GOVT PRESS)

LEFT FOR HEAVENLY ABODE ON 19 JAN 2020

FUNERAL SERVICE AT RESIDENCE, PLOT NO 487/2, SECTOR-12B ON 20TH JANUARY-2020 AT 2.15 PM.

MASS AT CATHOLIC CHURCH, SECTOR-8, GANDHINAGAR AT 3.00 PM & BURIAL AT SECTOR-28 CEMETRY

IN GRIEF

SMT. SALINA PALLATH • PAUL & DIANA

MARY & VARGHESE • SR. ROSY PALLATH.CCV

SAJUJOHN & JOAN

GRAND CHILDREN.

પ્રાર્થનાંજલિ



સ્વ. જે. પી. મહેતા

સ્વર્ગવાસ તા. ૨૦-૧-૨૦૧૧

વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ,
સહકાર અને સત્યતાનો માર્ગ બતાવનાર,
જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર એવા પરોપકારી
સ્વભાવના આત્માને અમો કદી નહીં ભૂલીએ....
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.

રાજુલ - સ્નેહા - શ્રેયા - પ્રહરકુમાર - હિતા - આલાપકુમાર
નિપુલ - ક્રિષ્ના - નીલ - મેધા - જયમીન
સુકેતુ - જીજ્ઞા ● નિધી - નીલકુમાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com